Downloaded From :http://cbseportal.com/



# ગુજરાતી Gujarati (Class-XII)Marking Scheme : 2019-20

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | **Section- A (Advanced Reading Skill)** | Total : 10 |
| 1. | [અ] | **ગદ્યસમીક્ષાના ઉત્તરો (વૈકલ્પિક)**<br>જવાબ: | 1X5 = 5 |
| | (ક) | ભગવાને આ માનવરૂપી દેહમાં બધીજ શક્તિઓઆપી છે. | |
| | (ખ) | આપણું મન ડગમગી જાય ત્યારે ધીરજ રાખી આગળનું ચિત્ર વિચારવું, જેથી કોઈ રસ્તો મળી શકે. | |
| | (ગ) | જીવનના શિખર સર કરવા આપણે આપણી શક્તિઓનો અને બુદ્ધિનોસમજીને અને વિચારીને સદઉપયોગ કરવો જોઈએ. | |
| | (ઘ) | જેમ દરિયો પોતાના પેટાળમાં બધું જ સમાવી લે છે પછી એ સારું હોયકે ખરાબ તેવું કોઈપણ વ્યક્તિ કરી શકતું નથી એટલે  જ દરિયાની બરાબરી કોઈ કરી શકતું નથી. | |
| | (ચ) | આ ગદ્યાંશમાંથી બોધ મળે છે કે જીવનમાં જો બધું ખોઈ બેસીએ તો પણ મનની મક્કમતા ક્યારે પણ ના ખોવી જોઈએ, કેમકે વ્યક્તિ ત્યારે જ હારે છે જયારે તે મનથી હારી જાય છે. | |
| | [આ] | **પદ્યસમીક્ષાના ઉત્તરો**<br>જવાબ: | 1X5 = 5 |
| | (ક) | કવિ કાળા ભમ્મર વાદળોમાં શ્વેતા કિનારી શોધે છે. | |
| | (ખ) | કવિ બચપણ થી પચપન અર્થાત બાળપણ થી ઘડપણ સુધી સજ્જનતાની સોબતમાં રહ્યાં. | |
| | (ગ) | કવિ પોતાના દ્વારે જીવનમાં આવતી આફતોનું સ્વાગત કરે છે. | |
| | (ઘ) | નિરાશાની પાછળ એક ઠગારી આશ છુપાયેલી છે. | |
| | (ચ) | કવિ પોતાના વ્યસ્ત જીવનમાં મસ્ત બની ગયા છે. | |
| ક્રમ | પ્રશ્ન | **ઉત્તરના મુદ્દા** | ગુણ વિભાજન |
| | | **Section –B (Effective Writing Skill)** | Total : 20 |
| 2. | [અ] | **કોઈ પણ એક વિષય પર ૨૦૦થી ૨૫૦ શબ્દોમાં નિબંધલેખન**<br>• પ્રસ્તાવના ૧ | 8X1 = 8 |



Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From :http://cbseportal.com/



| | | | |
|---|---|---|---|
| | | • વિષયવસ્તુ 3<br>• ભાષા અભિવ્યક્તિ ૧<br>• ભાષા શુદ્ધિ અને વાક્ય રચના ૨<br>• ઉપસંહાર ૧<br>નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને નિબંધ લખવો.<br>• વિષયની પસંદગી<br>• શરૂઆત : આકર્ષક,સ્વાભાવિક અને સચોટ<br>• કાવ્યપંક્તિ, સુભાષિત કે અવતરણ આવકાર્ય<br>• વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી<br>• સુંદર, સુવાચ્ય અક્ષર, જોડણી શુદ્ધ અને ભાષા શૈલી પ્રત્યે કાળજી | |
| | | | |
| | [આ] | <u>**અહેવાલ લેખન**</u><br>• ભાષા શૈલી અને ભાષા શુદ્ધિ 3<br>• વિષયવસ્તુ અને રસપ્રદ વર્ણન 3<br>**નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખી અહેવાલ લખવો.**<br>• વિષયના અનુસંધાનમાં વિષયવસ્તુની રજૂઆત<br>• જોડણી શુદ્ધિ અને ભાષાશૈલી પ્રત્યે કાળજી. | 6X1 = 6 |
| | [ઇ] | અભ્યાસનું મહત્ત્વ સમજાવતો પત્ર તમારી નાની બહેનને લખો.<br>• સરનામું અને તારીખ ૧.૫<br>• સંબોધન અને અભિવાદન ૧<br>• વિષયવસ્તુ અને ભાષા શુદ્ધિ ૨.૫<br>• સમાપન અને લિખિતંગ ૧<br>**નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને પત્ર લખવો.**<br>• પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ લખવું (InternationalMethod) નવી પધ્ધતિ પ્રમાણે લખવું.<br>• પત્રલેખનમાં સ્વભાવિકતા જરૂરી<br>• પત્રની ભાષા સરળ અને શુદ્ધ હોવી જરૂરી<br>• વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક<br>• સરનામું, સંબોધન અને વિષયની યોગ્યતા<br>**અથવા**<br>શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે યોગ્ય પગલાં લેવા મહાનગર | 6X1 = 6 |



Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From :http://cbseportal.com/


| | | | |
|---|---|---|---|
| | | સેવા સદનને પત્ર લખો.<br>• સરનામું અને તારીખ ૧.૫<br>• સંબોધન અને અભિવાદન ૧<br>• વિષયવસ્તુ અને ભાષા શુદ્ધિ ૨.૫<br>• સમાપન અને લિખિતંગ ૧<br>**નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને પત્ર લખવો.**<br>• પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ લખવું (InternationalMethod) નવી પધ્ધતિ પ્રમાણે લખવું.<br>• પત્રલેખનમાં સ્વભાવિકતા જરૂરી<br>• પત્રની ભાષા સરળ અને શુદ્ધ હોવી જરૂરી<br>• વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક<br>• કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યાવસાયિક કે સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી છે. | |
| | | | |
| **ક્રમ** | **પ્રશ્ન** | **ઉત્તરના મુદ્દા** | **ગુણ વિભાજન** |
| | | **Section –C (AppliedGrammar)** | Total : 15 |
| 3 | [અ] | **રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યપ્રયોગ** | 1X3 = 3 |
| | | 1. ધતિંગ કરવા – ઢોંગ કે બનાવટ કરવા<br>વાક્ય: ધર્મના નામે ધતિંગ કરનાર ઘણા સાધુઓ પકડાયા. | |
| | | 2. મોહી જવું - આસક્ત થવું.<br>વાક્ય: નૈનિતાલની દિલકશ જગ્યા જોઈ મારું મન મોહી ગયું. | |
| | | 3. ઠરીઠામ થઈ જવું – ગોઠવાઈ જવું<br>વાક્ય: જીવનમાં ખૂબ ભટક્યા, હવે તો ક્યાંક ઠરીઠામ થઈ જવું છે. | |
| | | 4. આંખ લાલ થવી –ગુસ્સો આવવો<br>વાક્ય: પિતાજીની આંખ લાલ થતી જોઈ બાળકો ધ્રુજી ઉઠ્યા. | |
| | [આ] | **કહેવતોના અર્થ** | 1X3 = 3 |
| | | **1.** દાઝ્યા ઉપર ડામ -દુ:ખ હોય અને વધારે દુ:ખ આપવું. | |
| | | 2. એક સાંધે ત્યાં તેર તૂટે - એક મુશ્કેલીમાંથી ઊગરે ત્યાં બીજી મુશ્કેલી આવી પડે. | |



Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From :http://cbseportal.com/



| | | | |
|---|---|---|---|
| | | 3. ઝાઝા હાથ રળિયામણા - વધુ માણસે ઝડપી અને સારું કામ થાય. | |
| | [ઇ] | **સંધિ વિગ્રહ** | 1X3 = 3 |
| | | પ્રતિ + ઉત્તર વિ + આખ્યાન સત્ + જન સ્વ + અવલંબન | |
| | [ઈ] | **સૂચના પ્રમાણે વાક્ય પરિવર્તન કરો.** | 1X3 = 3 |
| | | 1. તે માણસ અતિશય મહેનત કરી રહ્યો હતો.. (ઉદ્દગાર વાક્ય ).<br>જવાબ: વાહ! તે માણસ અતિશય મહેનત કરી રહ્યો છે! | |
| | | 2. હું સવારે વહેલો ઉઠું છું. (નિષેધ વાક્ય)<br>જવાબ : હું સવારે મોડો ઊઠતો નથી.<br>અથવા - હું સવારે વહેલો ઊઠતો નથી. | |
| | | 3. ગોવિંદ શાળાએ ગયો. (પ્રશ્ન વાક્ય)<br>જવાબ: ગોવિંદ ક્યાં ગયો?<br>અથવા - ગોવિંદ શાળાએ ગયો? | |
| | [ઊ] | સૂચના મુજબ કાળ પરિવર્તન કરો.<br>(1) અમે માનસરોવર જવા નીકળ્યા. ( ભવિષ્યકાળ)<br>જવાબ : અમે માનસરોવર જવા નિકળીશું.<br>(2) રાધાનો પ્રેમ અપરંપાર હતો. (સાદો વર્તમાનકાળ )<br>જવાબ : રાધાનો પ્રેમ અપરંપાર છે.<br>(3) રાજયમાં ખૂબ વરસાદ પડ્યો. (સાદો ભૂતકાળ)<br>જવાબ : રાજ્યમાં ખૂબ વરસાદ પડ્યો હતો. | 1X3 = 3 |
| | | | |
| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
| | | **Section – D (Literature)** | Total : 35 |
| | | | |
| 4. | અ | **નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો.** | 1X4 = 4 |
| | | પ્રશ્ન સમજી પૂરા વાક્યમાં જવાબ - દરેક જવાબનો 1-1 ગુણ | |
| | [આ] | **આપેલા વિધાનો માટે પૂર્વાપર સંબંધ આપો.** | 2 X2 =4 |
| | | આ પ્રશ્નના જવાબમાં નીચેના મુદ્દાઓ હોવા જરૂરી છે.<br>• વાક્ય ક્યાં પાઠમાંથી લેવામાં આવ્યું છે?<br>• લેખકનું નામ<br>• કોણ કોને કહે છે? | |



Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From : http://cbseportal.com/



| | | | |
|---|---|---|---|
| | | • શા માટે કહે છે? | |
| | [ઇ] | **સવિસ્તર જવાબ** | 2X4 = 8 |
| | | સવિસ્તર જવાબ માટે નીચેના મુદ્દા ધ્યાનમાં રાખવા.<br>• લેખક તથા પાઠનું નામ – 1 ગુણ<br>• વિષય-વસ્તુ - 2 ગુણ<br>• ભાષાશુદ્ધિ - ½ ગુણ<br>• ઉપસંહાર - ½ ગુણ | |
| | [ઈ] | **ત્રણ-ચાર વાક્યોમાં જવાબ**<br>પૂછેલા પ્રશ્નને અનુકૂળ ત્રણ થી ચાર વાક્યો – 2 ગુણ | 2 X2 =4 |
| 5. | [અ] | **નીચે આપેલી પંક્તિઓ વાંચી આપેલા પ્રશ્નોનાં જવાબ લખો.** | 1 X3 =3 |
| | | કવિતા સમજી પૂરા વાક્યમાં યોગ્ય જવાબ - દરેક જવાબનો 1-1 ગુણ | |
| | [આ] | **નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ લખો.** | 2 X2 =4 |
| | | નીચેના મુદ્દા ધ્યાનમાં રાખવા<br>• કવિનું નામ - ½ ગુણ<br>• કવિતાને અનુલક્ષીને સ્પષ્ટ મુદ્દાઓ – 1½ગુણ | |
| | [ઇ] | **નીચે આપેલા પ્રશ્નોના બે થી ત્રણ વાક્યમાં જવાબ લખો.** | 2 X2 =4 |
| | | • કવિતાનો ભાવ સમજી માગ્યા મુજબ બે થી ત્રણ વાક્યો લખવા - 2 ગુણ | |
| 6. | | **નીચે આપેલા સાહિત્યકારોનો પરિચય આશરે 100 શબ્દોમાં લખો.** | 1 X4 =4 |
| | | • પ્રસ્તાવના – પ્રારંભિક પરિચય 1½ ગુણ<br>• સાહિત્ય ક્ષેત્રે પ્રદાન 2<br>• ઉપસંહાર ½ | |



Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE